કેસ દાખલ થયા તારીખ: ૦૪/૧૦/૨૦૨૫
કેસ રજી.થયા તારીખ: ૦૪/૧૦/૨૦૨૫
કેસ ફેંસલ થયા તારીખ : ૦૪/૦૭/૨૦૨૬
સમયગાળો: ૦૦ વરસ ૦૯ માસ ૦૦ દિવસ

---

**બાયડ ના મહે. અધીક ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમા,**

**મુ. બાયડ, જી.અરવલ્લી.**

---

ફોજદારી કેસ નંબર:–૧૬૮૨ /૨૦૨૫

આંક:– ૨૬

શ્રી સરકાર ...ફરીયાદી

વિરુધ્ધ

(૧) સુરપાલસિંહ કીર્તનસિંહ સોલંકી

(૨) અજીતસિંહ કીર્તનસિંહ સોલંકી

(૩) કાન્તીસિંહ જોરસિંહ સોલંકી

(૪) પ્રવિણસિંહ શંકરસિંહ સોલંકી

(૫) શંકરસિંહ જોરસિંહ સોલંકી

(૬) વિજયસિંહ જગતસિંહ સોલંકી

(૭) વિજયસિંહ રાભસિંહ સોલંકી

(૮) જશીબેન કીર્તનસિંહ સોલંકી

તમામ રહે. ગણેશપુરા,તા.બાયડ, જી. અરવલ્લી. **...આરોપીઓ**

**ગુન્હો:–** ઈ.પી.કો. કલમ – ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબ

---

**:: વકીલશ્રી ઓ::**

ફરીયાદ પક્ષે વિ.એ.પી.પી. શ્રી.વી. બી. પ્રજાપતિ,

આરોપી પક્ષે વિ.વ.શ્રી એમ.એ.કોઠારી

---

**// ચુકાદો//**

૧. ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકિકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૨૫/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૧૮/૦૦ થી ૧૮/૧૫ વાગે મોજે ગણેશપુરા ગામે આ કામના ફરીયાદી આરોપી નં–૧ અને ૨ ના ઘર આગળથી પોતાનુ મોટરસાયકલ લઇને જતા હતા. તે વખતે આરોપી નં–૧ નો ફરીયાદીને ચાલુ બાઈકે લાકડી મારી નીચે પાડી દઇ માથાના ભાગે ઈર્જાઓ કરી આરોપીનં–૨ નાએ ફરીયાદીને શરીરના ભાગે લાકડી મારી તથા આરોપી નં– ૩ અને ૪ નાએ ફરીયાદીને ગડદાપાટુનો માર મારી જતા રહેલ ત્યારબાદ થોડી વાર પછી આરોપી નં– ૫,૬,૭,૮નાઓ આરોપી નં–૧,૨,૩,૪ નું ઉપરાણુ લઇ આવી જઇ ફરીયાદી તથા સાહેદોને જેમફાવે તેમ ગાળો બોલી સાહેદ બબુબેનને આરોપી નં–૫નાએ ડાબા હાથના ભાગે લાકડી મારી તથા સાહેદ સેજલબેનને આરોપી નં–૮નાએ માથાના વાળ પકડી નીચે પાડી દઇ પેટના ભાગે લાત મારી એકબીજાની મદદગારી કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી ગુન્હો કરી જીલ્લા મેજી.સાહેબના જાહેરનામાનો ભંગ કરી, ધી ભારતીય દંડ સંહિતા ની કલમ – ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલ. જે ગુન્હાની ફરીયાદ : પ્રકાશસિંહ સ/ઓ દીપસિંહ સોલંકીનાએ કરતા આ કામના આરોપીઓ સામે ધી ભારતીય દંડ સંહિતા ની કલમ – ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબની ફરીયાદ સાઠંબા પોલીસ સ્ટેશન ગુના રજી. નં. ૧૧૧૮૮૦૧૧૨૩૦૪૧૫ /૨૦૨૩ થી રજીસ્ટરે લઈ આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા આરોપીઓ સામે ધી ભારતીય દંડ સંહિતા ની કલમ – ૩૨૩,૫૦૪,૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબના ગુન્હા સબબનુ ચાર્જશીટ કરવામાં આવેલ.

૨. ચાર્જશીટના આધારે ગુનાનું સંજ્ઞાન લઈ આરોપીને સમંસ કરવામાં આવતા આરોપી જાતે તથા તેમના વકીલશ્રી મારફતે હાજર થયેલા અને આરોપીને પોલીસ પેપર્સની નકલો મળી ગયાની ખાત્રી આંક ૧ નીચે કર્યા બાદ ફરીયાદ પક્ષના કેસના આક્ષેપો અનુસાર ગુનાની વિગતે આંક–૪ થી આરોપી સામે તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક ૫ થી ૧૨ થી આરોપીની પ્લી રેકર્ડ કરતા અને તેની વિગતો તેઓને વાંચી સંભળાવી સમજાવતા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા અને કેસમાં બચાવ કરવાનું જણાવતા આ કામ ફરીયાદપક્ષના પુરાવા ઉપર રાખવામાં આવેલ.

(૩) ત્યારબાદ આ કામે પક્ષકારોએ ચાલુ ટ્રાયલ દરમ્યાન આરોપી અને ફરીયાદ પક્ષ વચચે ઘરમેળ ે રાજીખુશીથી સમાધાન થઈ ગયેલ હોય જેથી આંક– ૧૭ થી સમાધાન પુરસીસ રજુ કરતા જે નીચે હુકમ મુજબ આરોપીઓને ધી ભારતીય દંડ સંહિતા ની કલમ – ૩૨૩,૫૦૪ મુજબનો ગુન્હો સમાધાનપાત્ર ગુનો હોય તે કામે સી.આર.પી.સી. કલમ – ૩૨૦(૧)(૮) મુજબ નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવેલ. જયારે બાકીની કલમો સમાધાનપાત્ર ન હોય તે પુરતુ આરોપી વિરુધ્ધ આ કેસની કાર્યવાહી કાયદેસર આગળ

ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. જે ન્યાયીક રીતે લક્ષમાં લેવામાં આવે તો આ કેસ ધી ભારતીય દંડ સંહિતા ની કલમ – ૫૦૬(૨),૧૧૪ જી. પી. એકટની કલમ – ૧૩૫ પુરતો જ નિર્ણીત કરવાનો રહે છે.

૪. અહી ફરીયાદપક્ષે આરોપીઓ વિરુધ્ધના આક્ષેપો પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવો રજુ રાખવામાં આવેલ છે.

(અ) ફરીયાદપક્ષે રજુ થયેલ મૌખીક પુરાવો:–

૧. આંક– ૧૮ થી ફરીયાદી : પ્રકાશસિંહ દીપસિંહ સોલંકીની જુબાની

૨. આંક – ૨૦ થી સાહેદ : બબુબેન દીપસિંહ સોલંકીની જુબાની

૩ આંક – ૨૧ થી સાહેદ : સેજલબેન પ્રકાશસિંહ સોલંકીની જુબાની

૪ આંક – ૨૨ થી સાહેદ : ભાથીસિંહ પુનસિંહ સોલંકીની જુબાની

૫. આંક– ૧૯ થી સાહેદ : પ્રવિણસિંહ શંકરસિંહ સોલંકીની જુબાની

૬. આંક– ૨૦ થી સાહેદ : સુરપાલસિંહ કિર્તનસિંહ સોલંકીની જુબાની

(બ) ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી પુરાવો:–

૧. આંક – ૧૯ થી ફરીયાદ.

૨. આંક – ૨૩ થી મુદ્દામાલ નુ પંચનામુ.

૩. આંક – ૨૪ અને ૨૫ થી મેડીકલ સર્ટીફીકેટ.

૫. આ સિવાય ફરીયાદપક્ષે કોઈ વિશેષ પુરાવો રજુ કરવો નથી તેવું આ કામના મુળ ફરીયાદી તથા સાહેદે આંક– ૨૬ ની કલોઝીંગ પુરસીસથી જાહેર કરતા ફરીયાદપક્ષે આ સિવાય કોઈ વિશેષ પુરાવો રજુ થયેલ નથી.

૬. ઉપરોકત વિગતોએ ફરીયાદપક્ષે પુરાવો પુરો થયા બાદમાં આ કામ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૧૩ અન્વયે આરોપીઓના વિશેષ નિવેદન ઉપર રાખવામાં આવેલ પરંતુ રેકર્ડ ધ્યાને લેતા આ કામે આરોપી સામે વિશેષ નિવેદન લાયક પુરાવો આવેલ ન હોય જેથી આરોપીનુ વિશેષ નિવેદન લેવામા આવેલ નથી. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી તથા આરોપી ના વી.વ.શ્રી ની દલીલો સાંભળવામાં આવેલ છે.અને બંને પક્ષકારોની દલીલોને પુરાવાના પૃથ્થકરણમાં વણી લીધેલ હોય અત્રે પુનરાર્વતન ટાળવાના હેતુસર અલગથી ચર્ચા કરેલ નથી.

૭. ઉકત વિગતોએ ફરીયાદપક્ષના કેસના નિર્ણય તેમજ નિકાલ સારુ મારી સમક્ષ નીચે મુજબના મુદાઓ ઉપસ્થિત થાય છે.

૧. શું ફરીયાદપક્ષે એ હકિકત નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૨૫/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૧૮/૦૦ થી ૧૮/૧૫ વાગે મોજે ગણેશપુરા ગામે આ કામના ફરીયાદી આરોપી નં–૧ અને ૨ ના ઘર આગળથી પોતાનુ મોટરસાયકલ લઇને જતા હતા. તે વખતે આરોપીઓએ હાથમાં લાકડી લઇ ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એક બીજાની મદદગારી કરી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના જાહેરનામાંનો ભંગ કરી ગુન્હો કરી **ધી ભારતીય દંડ સંહિતા ની કલમ – ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫ મુજબનો** શિક્ષાપાત્ર ગુન્હો કરેલ છે ?

૨. શું હુકમ ?

૮. ઉપરોકત મુદા પરત્વે મારા ન્યાયીક નિર્ણયો નીચે જણાવેલ કારણોસર નીચે મુજબ છે.

૧. નકારમાં

૨. આખરી હુકમ મુજબ

## // કારણો //

૯. ફરીયાદપક્ષે આરોપી વિરુધ્ધનું તહોમત સાબીત કરવા માટે આંક– **૧૮ થી ફરીયાદી પ્રકાશભાઇ દીપસિંહ સોલંકીને** તપાસવામાં આવેલા છે. ફરીયાદી તેઓની જુબાનીમાં ફરીયાદમા તેઓની સહી ઓળખી બતાવી ફરીયાદ આંક– ૧૯ થી રજુ રાખેલ છે. તેમજ આ ફરીયાદી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થન કારી કોઈ હકીકત જણાવેલ નથી તેમજ આ ફરીયાદીની સમગ્ર જુબાની જોતાં ફરીયાદીએ પોતાની જુબાનીમા આરોપીઓ સાથે સામાન્ય બોલાચાલી થયેલ હોવાની હકીકત જણાવી પોતે ફરીયાદ કરેલ હોવાની હકીકત જણાવેલ છે અને આમ તેણે ફરીયાદપક્ષના કેસને તથા તેમણે આપેલ ફરીયાદને સમર્થન આપેલ નથી તેમજ **આંક–૨૦ થી સાહેદઃ બબુબેન દીપસિંહ સોલંકી તથા આંક–૨૧ થી સેજલબેન પ્રાકાશસિંહ સોલંકી તથા આંક–૨૨ થી ભાથીસિંહ પુનસિંહ સોલંકી** નાઓએ તેઓની જુબાનીમાં સામાન્ય બોલાચાલી થયેલ હોવાનુ જણાવી ફરીયાદપક્ષના કેસને કે તેમણે આપેલ ફરીયાદને લેશમાત્ર સમર્થન આપેલ નથી અને આ ફરીયાદીની સરતપાસ દરમ્યાન ફરીયાદપક્ષના કેસને સમર્થનકારી તથા આરોપી વિરુધ્ધનો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી. અને આ ફરીયાદીની જુબાની માથી ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારી અને આરોપીઓ વિરુધ્ધનો કોઈ જ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

તેમજ આ ફરીયાદી તથા સાહેદની બચાવપક્ષના વિ.વ.શ્રી ઘ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે તેને આરોપીઓ સાથે સમાધાન થઈ ગયેલ છે તેમજ આરોપીઓએ કોઈ જાનથી મારી નાખવાની ધમકી આપેલ ન હોવાનુ અને આરોપી પાસે કોઈ હથીયાર ન હોવાનુ પણ કબુલ રાખેલ છે.

૧૦. આ કામે ફરીયાદ પક્ષે **આંક – ૧૯ થી ફરીયાદ, આંક – ૨૩ થી મુદ્દામાલ નુ પંચનામુ, આંક – ૨૪ અને ૨૫ થી મેડીકલ સર્ટીફીકેટ,** સહીતના દસ્તાવેજો બચાવપક્ષે કબુલ રાખતા રજુ થયેલ છે.

૧૧. આમ ઉપરોકત વિગતે ફરીયાદપક્ષે રજુ થયેલ લેખીત, મૌખીક પુરાવો તથા બંને પક્ષકારોના વિ.વ.શ્રીઓની દલીલો તથા કાયદાકીય જોગવાઈઓ ધ્યાને લેતાં ફરીયાદપક્ષે આરોપીઓ સામે જે ગુનાનું તહોમત છે તે સાબીત કરવા માટે પ્રથમ તો એ સાબીત કરવું પડે કે, આ કામના આરોપીઓએ તા.૨૫/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૧૮/૦૦ થી ૧૮/૧૫ વાગે મોજે ગણેશપુરા ગામે આ કામના ફરીયાદી આરોપી નં–૧ અને ૨ ના ઘર આગળથી પોતાનુ મોટરસાયકલ લઈને જતા હતા. તે વખતે આરોપીઓએ હાથમાં લાકડી લઈ ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એક બીજાની મદદગારી કરી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના જાહેરનામાંનો ભંગ કરી ગુન્હો કરી **ધી ભારતીય દંડ સંહિતા ની કલમ – ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫** મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલાનુ સાબીત કરવામાં સફળ થાય તો જ આરોપીઓ વિરુધ્ધનું તહોમત સાબીત થઈ શકે.

જે અનુસંધાને રેકર્ડ ઉપરના પુરાવાની તુલનાત્મક ચર્ચા કરવામાં આવે તો આ કામે ફરીયાદી તેમની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવે છે તે મુજબ ફરીયાદ મુજબનો કોઈ બનાવ બનવા પામેલ નથી અને ખુદ ફરીયાદીએ તેમની ફરીયાદને સમર્થન આપેલ ન હોય અને ફરીયાદીએ આરોપી વિરુધ્ધમાં જુબાની આપવાનું ટાળેલ છે તેના કારણમાં એવું જણાય છે કે ફરીયાદી અને આરોપી વચ્ચે ઘરમેળે સમાધાન થઈ ગયેલ છે. તેમજ આ કામના મુળ ફરીયાદીએ **આંક – ૨૬** થી કલોઝીંગ પુરસીસ આપેલ છે જે જોતાં પણ ફરીયાદપક્ષે આ કામે આ સિવાય કોઈ વિશેષ પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી અને ફરીયાદીએ જ તેમણે આપેલ આંક – ૧૫ ની ફરીયાદને સમર્થન આપેલ નથી અને રજુ દસ્તાવેજો અને ફરીયાદ ધારાસર પુરવાર થતા નથી અને આ કામે બનાવ વખતે આ કામના આરોપીઓએ તા.૨૫/૧૨/૨૦૨૩ ના રોજ કલાક ૧૮/૦૦ થી ૧૮/૧૫ વાગે મોજે ગણેશપુરા ગામે આ કામના ફરીયાદી આરોપી નં–૧ અને ૨ ના ઘર આગળથી પોતાનુ મોટરસાયકલ લઈને જતા હતા. તે વખતે આરોપીઓએ હાથમાં લાકડી લઈ ફરીયાદીને જેમ ફાવે તેમ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી એક બીજાની મદદગારી કરી જીલ્લા મેજીસ્ટ્રેટ સાહેબશ્રીના જાહેરનામાંનો ભંગ કરી ગુન્હો કરી **ધી ભારતીય દંડ સંહિતા ની કલમ – ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ – ૧૩૫** મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો કરેલાનુ પુરવાર થતુ નથી ત્યારે અહી ફરીયાદપક્ષની એ ફરજ છે કે તેમણે આરોપી વિરુધ્ધનું તહોમત સબળ, શ્રેષ્ઠ, સચોટ, વિશ્વસનીય અને સમર્થનકારી પુરાવાઓથી નિ:શંકપણે પુરવાર કરવું જોઈએ પરંતુ તેમ કરવામાં ફરીયાદપક્ષ સદંતર નિષ્ફળ

રહેલ હોય તે સંજોગોમાં આરોપીને તકસીરવાન ઠરાવી શકાય નહી જેથી મુદા નં.૧ નો જવાબ નકારમાં આપવાનું ઠરાવી મુદા નં. ૨ અન્વયે ન્યાયના વિશાળ હીતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

// **આખરી હુકમ** //

આ કામના આરોપીઓને બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ ૨૭૧(૧) અન્વયે ધી ભારતીય દંડ સંહિતા ની કલમ– ૫૦૬(૨),૧૧૪ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ મુજબના શિક્ષાપાત્ર ગુના અંગેના તહોમતમાંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

આ કામે કબજે લીધેલ મુદદામાલ લાકડીનો અપીલ સમય બાદ નાશ કરવો.

આરોપીએ અગાઉ રજુ કરેલ જામીન બી.એન.એસ.એસ.૨૦૨૩ ની કલમ – ૪૮૧ અન્વયે છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તારીખ ૦૪ માહે જુલાઈ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

બાયડ
તારીખ:૦૪/૦૭/૨૦૨૬

**(વિજયકુમાર ચંદુલાલ મકવાણા)**
એડી ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
બાયડ, જી. અરવલ્લી.
**JUDGE CODE NO. 00997**